# "ગતિશીલ ગુજરાત બન્યું પ્રગતિશીલ"

ગુજરાતની સાડા છ કરોડ પ્રજાની નાડ પારખનાર, વંચિતોના બેલી, વિકાસ પથ પર ગુજરાતને અગ્રેસર બનાવનાર, અનેક અડચણો વચ્ચે માર્ગ કરીને ગુજરાતને બે વર્ષના ટૂંકા ગાળામાં સફળતાના શિખરે પહોંચાડનાર, ખાલી વાતો અને વાયદા નહીં પરંતુ કામ કરતી ગુજરાત સરકારના કાર્યદક્ષ એવા રાજ્યના મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં ગતિશીલ ગુજરાતનો વિકાસ હરણફાળ ભરી રહ્યો છે. ગુજરાતના વણથંભ્યા વિકાસના મહિલા મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં સફળતાપૂર્વક બે વર્ષ પૂરા કરનાર ગુજરાત સરકારની ગતિશીલ ઉપલબ્ધિઓ કંઈ કેટલીય છે.

'વાદ નહીં, વિવાદ નહી, વિકાસ સિવાય કોઈ વાત નહી'. આ પ્રજાલક્ષી સુત્રને વરીને ગુજરાત સરકાર કામ કરી રહી છે અને તેના પરિણામો ગુજરાત સહિત દેશની જનતા અને વિશ્વ આખું જોઈ રહ્યું છે. માત્ર વાતોના વડા કે વાયદાઓની વાતો નહીં કે માત્ર લક્ષ્યાંકો જ પાર પાડવાની વાત નથી, પરંતુ સામાન્ય જન જન સુધી પહોંચીને વિકાસના ફળ ચખાડવાની સાથે ગુજરાતના નાગરિકોને બેઠા કરવાની નેમ સાથે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના માર્ગદર્શન અને નેતૃત્ત્વમાં ગુજરાત સરકાર આગળ વધી રહી છે.

મૂળ તો શિક્ષિકાનો જીવ એટલે રાજ્યના યુવાનોનું હિત હૈયે હોય જ, એટલે રાજ્યના યુવાનો સ્વાવલંબી બને તે માટે રાજ્ય સરકારે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના જાહેર કરી જેના કારણે રાજ્યના અનેક જિલ્લાઓ – તાલુકાઓ અને ગામડાઓ – શહેરોના યુવાનોના સપનાં પૂરા થઈ રહ્યાં છે. રાજ્યના તમામ જ્ઞાતિવર્ગના લાખો યુવાનોના શિક્ષણ, કૌશલ્ય અને રોજગાર માટે ભારતમાં સહુ પ્રથમવાર ગુજરાત સરકારની ઐતિહાસિક યોજના 'મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના' જાહેર કરી. જેના કારણે આજે તમામ વર્ગના વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ રૂા. ૧,૦૦૦ કરોડનો લાભ મળી રહ્યો છે.

ગતિશીલ ગુજરાતને સબળ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતના સાડા છ કરોડ નાગરિકો માટે લીધેલા ઐતિહાસિક પગલાંઓ અને ગતિશીલ ગુજરાતની ઉપલબ્ધિઓ અંગે આવો આપણે પણ જાણીએ.




## ગતિશીલ ગુજરાત સર્વાંગી વિકાસની ઉપલબ્ધિ

## મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે લીધેલાં ઐતિહાસિક પગલાં...



- મા. મુખ્યમંત્રીશ્રીએ ગત **બે વર્ષમાં કુલ ૧,૦૮૪ કાર્યક્રમો**માં હાજરી આપી, ૭૮૫ વિવિધ બેઠકો લીધી, ૨૫ લાખથી વધુ જનમેદનીને સંબોધન કર્યું, **રાજ્યનો ૧.૫૮ લાખ કિલોમીટરનો સઘન પ્રવાસ** કર્યો, પોતાના કાર્યાલયમાં ૨૮,૫૦૦થી વધુ મુલાકાતીઓ સાથે મુલાકાત કરી અને ગત વિધાનસભા સત્ર દરમિયાન એક લાખથી વધુ લોકોને મળ્યા.
- **'મા અન્નપૂર્ણા યોજના'નો રાજ્યવ્યાપી પ્રારંભ થયો, પ્રગતિમાં શુભસ્થ ઉમેરાયું અને રાજ્યની ૩.૮૨ કરોડ જનતાને પ્રતિ બે રૂપિયે કિલો ઘઉં અને પ્રતિ ત્રણ રૂપિયે કિલો ચોખા ઉપલબ્ધ થઈ રહ્યાં છે.**
- ગતિશીલ સરકારને ઉદ્યોગ-વ્યાપારની શ્રેષ્ઠ સવલતો અને સગવડદાયક માળખાકીય સુવિધાઓ તથા પ્રક્રિયાઓના સરળીકરણ માટે World Bank દ્વારા 'EASE OF DOING BUSINESS' માટે ભારતના તમામ રાજ્યમાં અગ્રિમ હરોળમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે.
- **૭૫૪૫૭ જેટલાં વનબંધુ કુટુંબોને વન અધિકારપત્ર તેમજ ૧,૧૦,૯૭૩ એકર જમીન ઉપર ખેડાણ હક્ક આપવામાં આવ્યા.**
- ગતિશીલ ગુજરાતના **પ્રથમ તબક્કાની ૧૩૮ ટકા સિદ્ધિ, બીજા તબક્કાની ૧૨૬ ટકા સિદ્ધિ અને ત્રીજા તબક્કાની ૧૩૩ ટકાની જ્વલંત કાર્યસિદ્ધિ**ના પગલે આગળ વધતી ગુજરાત સરકારના ગતિશીલ ગુજરાતના ચોથા તબક્કાનો પ્રારંભ...
- ગતિશીલ ગુજરાતના ચોથા તબક્કામાં '૧૫૧ દિવસ- ૨૫૧ નિર્ધાર', પ્રગતિશીલ ગુજરાતની ગતિશીલ સરકાર દ્વારા ૧૯ થીમમાં **૨૫૧ જનકલ્યાણલક્ષી પાસાંઓ** સાથે વનબંધુ વિકાસ, આરોગ્યલક્ષી કાર્યક્રમો, કૃષિ વિકાસ, પ્રજાની સલામતી અને પાયાની માળખાકીય સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- **ગરીબ-મધ્યમવર્ગીય પરિવારોને આરોગ્ય રક્ષા કવચ : 'મુખ્યમંત્રી અમૃતમ મા યોજના' અંતર્ગત ૨૨,૩૭,૮૫૧/- લાભાર્થીઓને રૂપિયા ૧૫૯.૫૬ કરોડની સહાય તથા 'મા વાત્સલ્ય યોજના' અંતર્ગત ૧૧,૪૬,૨૩૦ લાભાર્થીઓને રૂ.૧૭૭.૨૨ કરોડની સહાય આપવામાં આવી છે.**
- ગતિશીલ સરકારની વધુ એક યશકલગી : એફડીઆઈ રોકાણ મેળવવામાં ભારત અને ચીનના ટોપ ૧૦ રાજ્યોમાં ગુજરાત સર્વપ્રથમ. એશિયા પેસેફિક રીજિયનમાં સીધા વિદેશી મૂડી રોકાણમાં ભારત દેશ અગ્રેસર.. અને ભારતમાં ગુજરાત રાજ્ય સૌથી વધારે મોખરે... ગુજરાતે **વર્ષ ૨૦૧૫માં ૮૨,૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ વિદેશી મૂડી રોકાણ**ને આકર્ષ્યું છે.
- **માતાઓ-બહેનોની આરોગ્યની ચિંતા કરતી રાજ્ય સરકાર : બ્રેસ્ટ, સર્વાઈકલ કેન્સર પરીક્ષણ નિદાનમાં ૮૨.૮૧ લાખ ઉપરાંત બહેનો તથા ડાયાબિટીસ-સ્ક્રીનિંગમાં ૪૭.૮૯ લાખ ઉપરાંત નાગરિકોને વિનામૂલ્યે સારવાર હેઠળ આવરી લેવામાં આવ્યાં.**
- સતત ત્રીજી વખત રાજ્ય સરકાર દ્વારા **જેન્ડર બજેટ-મહિલાઓનાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સશક્તિકરણને પ્રાધાન્ય આપતી ૬૧૧ યોજના**ઓનું નક્કર પરિણામ અને અસરકારક અમલીકરણ...
- પોલીસ સહિતની તમામ કેડરમાં **33% મહિલાઓ માટે અનામત** તેમજ રાજ્યની **સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં મહિલા અનામત 33% થી વધારીને ૫૦%** કરવામાં આવી.
- **પ્રજાના પડતર પ્રશ્નોનું ઘરઆંગણે જઈ, નિકાલ કરી, પ્રજાલક્ષી અને પારદર્શક વહીવટની પ્રતીતિનો અહેસાસ ગતિશીલ સરકારે કરાવ્યો. ગુજરાત સરકાર પહોંચી પ્રજાને દ્વાર... ૨૪૭ તાલુકાઓમાં 'લોકસંવાદ સેતુ' કાર્યક્રમના પરિણામે પ્રજાના પ્રશ્નોનો તત્કાલીન નિકાલ કરવામાં આવ્યો.**
- કુલ ૬૧૧ યોજનાઓ પૈકી **૧૨૫ યોજનાઓ ૧૦૦% મહિલાઓને અનુલક્ષીને બનાવવામાં આવી** જેના પરિપાકરૂપે મહિલાઓને રૂ.૨૦૩૨ કરોડની સહાય આપવામાં આવી.
- ગુજરાતના નાગરિકોને **સરકારી દવાખાનાઓ દ્વારા રૂ. ૨૭૨ કરોડના ખર્ચે ડાયાબિટીસ અને બી.પી.ની ૫૭૫ આવશ્યક દવાઓ વિના મૂલ્યે** પૂરી પાડવાનો ગતિશીલ સરકારનો આરોગ્યલક્ષી નિર્ણય...
- અસરકારક શિક્ષણને સાકાર કરવાના હેતુથી **રૂ. ૪૦૮૩.૫૫ કરોડનું આયોજન** કરવામાં આવ્યું. ૪૯,૪૨૬ વિદ્યાસહાયકોની નિમણૂક કરવામા આવી. રાજ્યમાં મુખ્ય **શિક્ષકની નવી કેડર મંજૂર કરી ૮૫૩૩ નિમણૂકની વ્યવસ્થા** કરવામાં આવી...
- **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના : રાજ્યના તમામ જ્ઞાતિવર્ગના લાખો યુવાનોના શિક્ષણ, કૌશલ્ય અને રોજગાર માટે ભારતમાં સહુ પ્રથમવાર ગુજરાત સરકારની ઐતિહાસિક યોજના... આ યોજનાનો તમામ વર્ગના વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ રૂ. ૧૦૦૦ કરોડનો લાભ મળી રહ્યો છે.**
- બિનઅનામત વર્ગ માટે પ્રવેશ અને નોકરી માટે ૧૦% આર્થિક અનામત આપવાનો રાજ્ય સરકારનો અભૂતપૂર્વ નિર્ણય.
- કૃષિ પાકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા કૃષિ મહોત્સવ તથા રવી કૃષિ મહોત્સવની ઉજવણી: ખેડૂતોને રૂ. ૧૦૫.૯૧ કરોડની વિવિધ સહાય પહોંચી તેમજ ૩.૫૮ લાખ ઉપરાંત ખેડૂતોને કૃષિલક્ષી જ્ઞાનનો મળ્યો લાભ...
- કૃષિ વિષયક યોજનાઓનો લાભ રાજ્યોના ખેડૂતોને ઝડપથી અને પારદર્શક મળે તે માટે આઈ-ખેડૂત પોર્ટલ કાર્યરત : કૃષિલક્ષી યોજનાઓની સહાયની રકમ ખેડૂતોના ખાતામાં સીધી જમા થઈ રહી છે.
- **ખેડૂતોના હિતને અનુલક્ષીને ખેડૂતપુત્રી મુખ્યમંત્રીશ્રીએ ખરીફ પાક માટે ફક્ત ૧ ટકાના દરે રૂ. ૩ લાખ સુધીનું કૃષિ ધિરાણ આપ્યું તેમજ રાજ્યના ૩૮ લાખ ઉપરાંત ખેડૂતોને તેનો લાભ મળ્યો.**
- રાજ્યમાં છેલ્લા ૨ વર્ષમાં **૩,૬૪,૭૯૨ હેક્ટર ક્ષેત્રમાં સિંચાઈ સુવિધા** માટે કમાન્ડ એરિયાનો વિકાસ સધાયો તથા **૨,૦૯,૫૬૭ નવા કૃષિ વીજ જોડાણો**ને મંજૂરી આપવામાં આવી.
- કુદરતી આફતોના સંજોગોમાં ખેડૂતોને સઘન અને સીધી સહાય : **૧,૦૧,૬૧૮ ખેડૂતોને રૂ. ૬,૮૦૭.૭૫ લાખની સહાય** - રાજ્યભરમાં ૧૭૦૦ જેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન, ૧,૪૦,૦૦૦ કરતાં વધારે **પશુપાલકોના ૧૮ લાખથી વધુ પશુઓની સારવાર** કરવામાં આવી.
- **'મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન (શહેરી) યોજના' અંતર્ગત રાજ્યની ૧૩૯ નગરપાલિકા, ૮ મહાનગર પાલિકાઓમાં ૧૦૦% શૌચાલયોનું કર્યું નિર્માણ... દેશમાં બનેલા કુલ ૧૩.૨૬ લાખ શૌચાલયો પૈકી ૪.૯૭ લાખ (૩૦%) માત્ર ગુજરાતમાં બાંધવામાં આવ્યા.**
- યુવાનોમાં સ્કીલ ડેવલપમેન્ટ માટે મિશન મોડ અભિગમ : રાજ્યમાં **યુવાનો માટે ૫૦૦ જેટલા કૌશલ્યવર્ધન કેન્દ્રો** અને **૭૭૦ જેટલી આઈ.ટી.આઈ.** નો પ્રારંભ થયો...
- વનવાસી બાંધવોના સર્વાંગી ઉત્કર્ષ માટેની નોંધપાત્ર પહેલ : ૧૯૬ વનવસાહતી ગામોને **મહેસૂલી ગામ તરીકેનો મળ્યો દરજ્જો...**
- વંચિતોને સંચિત કરીને કલ્યાણકારી યોજનાઓ દ્વારા ગરીબ કલ્યાણ મેળાના આઠમાં ચરણમાં કુલ ૧૨૩ ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા **૧૦.૪૫ લાખ લાભાર્થીઓને રૂ. ૧,૩૯૫ કરોડના લાભ**નું થયું વિતરણ. કુલ આઠ ચરણમાં **૧,૦૨,૮૫૬ કરોડ લાભાર્થીઓને રૂ. ૨૪,૨૯૬.૧૨ કરોડની સહાય** મળી હાથોહાથ...
- શહેરી વિસ્તાર બન્યો વેગવંતો... વિકાસના પર્યાય સમી ગતિશીલ સરકારે 'મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના' અંતર્ગત મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓમાં **રૂ. ૧૧,૧૬૪ કરોડના ખર્ચે કુલ ૨૪,૩૨૫ આંતરમાળખાકીય વિકાસના કામો**નું કર્યું નિર્માણ.
- **રાજ્યના ગામડાઓ બન્યાં સ્વચ્છ અને સુઘડ : ગ્રામીણ વિસ્તારમાં ૧૨,૫૮,૪૮૬ વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ થયું. તાજેતરમાં ૬,૧૦૦ ગ્રામપંચાયતોમાં ૧૦૦% શૌચાલયોના નિર્માણની કામગીરી પૂર્ણ થઈ.**
- રાજ્યનાં ગામોને સ્વાવલંબી, સ્વચ્છ, ગુનામુક્ત, રોગમુક્ત, સમરસ તથા આર્થિક સશક્ત બનાવવાના ધ્યેય સાથે **૩૦૦ ગામોને 'Smart Village'** બનાવવાનો લક્ષ્યાંક.
- **રાજ્યના ૧૮,૦૦૦ જેટલાં ગામો અને ૧૬,૨૪૫ જેટલાં પરાં વિસ્તારને રોડ નેટવર્કથી જોડવા માટે 'મુખ્યમંત્રી ગ્રામસડક યોજના'ની મહત્ત્વપૂર્ણ જાહેરાતઃ કુલ રૂ. ૧૦,૦૦૦ કરોડના આયોજન સાથે આ વર્ષે રૂ. ૨૫૦૦ કરોડના ખર્ચે ગ્રામ્ય વિસ્તારના રોડ નેટવર્કનું થશે નિર્માણ. ૨.૫ કરોડ ગ્રામવાસીઓને તેનાથી થશે લાભ.**

### વિકાસની દિશામાં સાર્થક બની રહેલો મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આપેલો "ગતિશીલ ગુજરાત"નો મંત્ર



ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત રાજ્યને ગતિશીલ ગુજરાતનો નવો મંત્ર આપ્યો. તેમણે વર્ષ ૨૦૧૪માં ગતિશીલ ગુજરાત કાર્યક્રમની શરૂઆત કરી. આ કાર્યક્રમની સાથે સમય મર્યાદામાં લક્ષ્ય આધારિત સરકારી સેવાઓ પૂરી પાડવાનો એક નવો અભિગમ ગુજરાતના સરકારી તંત્રને મળ્યો. 'ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ' (ગતિશીલ ગુજરાત - ૧) ના કાર્યક્રમમાં ૧૩૮.૮૪%ની સિદ્ધિ મળી છે. 'ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૫૦ દિવસ' (ગતિશીલ ગુજરાત - ૨)ના કાર્યક્રમોમાં પણ લગભગ ૧૨૭% જેટલી સિદ્ધિ મળી છે. ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૩૬૫ દિવસ' (ગતિશીલ ગુજરાત - ૩) ના કાર્યક્રમમાં ૧૩૩%ની સિદ્ધિ મળી છે. ૧૫૧ દિવસ, ૨૫૧ નિર્ધાર, પ્રગતિશીલ ગુજરાતની ગતિશીલ સરકારના મંત્ર સાથે ચોથા તબક્કામાં ૧૯ થીમ આધારિત ૨૫૧ પ્રવૃત્તિઓ/યોજનાઓનો સમાવેશ કરાયો છે. આ કાર્યક્રમમાં મોટા ભાગની યોજનાઓ કે સહાય સમાજના નબળા અને મધ્યમ વર્ગ માટે હતી. એવો વર્ગ કે જેના માટે સરકાર જ તારણહાર હોય છે. આ કાર્યક્રમ દ્વારા સરકાર છેવાડાના માનવી સુધી પહોંચી અને તેમને તેમના હકો આપ્યા છે.

લોકોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ થાય તે માટે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે લોકસંવાદ સેતુની શરૂઆત કરી છે. વર્ષ ૨૦૧૪-૧૫માં આ કાર્યક્રમમાં ૮૭.૨૭% સિધ્ધિ પ્રાપ્ત થઈ હતી. તે જ પ્રમાણ વર્ષ ૨૦૧૫-૧૬માં આ કાર્યક્રમમાં ૯૮% સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. વર્ષ ૨૦૧૬-૧૭ નો લોકસંવાદ સેતુ કાર્યક્રમ અત્યારે ચાલુ છે જેમાં અત્યાર સુધીમાં ૧૫ હજારથી વધુ પ્રશ્નોનો સ્થળ પર જ સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે.

આ સાથે સરકારે સરકારી તંત્રમાં સરળીકરણને પણ મહત્વ આપ્યું છે જેને કારણે સામાન્ય માણસને તકલીફ ના પડે. સરકારે આવકના પ્રમાણપત્રની સત્તા મામલતદારની સાથે સાથે તાલુકા વિકાસ અધિકારીને પણ આપી દીધી છે. આવકના દાખલાની સાથે સાથે ક્રિમિલેયર સર્ટીફિકેટની મર્યાદા ૧ વર્ષથી વધારીને ૩ વર્ષ કરી છે.

રાજ્ય સરકારે મહેસૂલના અટપટા નિયમો પણ સરળ બનાવ્યા છે અને ખેડૂતોને લાભ થાય તે માટે અનેક મહેસૂલી સુધારા કર્યા છે. રાજ્યના તમામ રેવન્યુ રેકર્ડ સરકારે ઓનલાઈના કરી દીધા છે. રાજ્યના ૧૪,૦૦૦ ગામોની ખેતીની જમીનોની માપણીની કામગીરી પૂર્ણ અને આશરે ૩,૦૦૦ ગામોમાં રેકર્ડ પ્રમોલગેશનનું કામ થયું. જમીન રી-સર્વેમાં રેકર્ડ પ્રમોલગેશનમાં રહેલી ભૂલોનો સુધારો કરવા માટે ઘર આંગણે સરકારે સુવિધા ઊભી કરી છે. દેશમાં સૌ પ્રથમ વખત ૧૯૩ વનવસાહતી ગામોની મહેસૂલી ગામોમાં તબદીલ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. બહુહેતુક બિનખેતી અંગેના કાયદામાં સુધારો કર્યો જેથી વારંવાર બિનખેતીની મંજૂરી લેવી પડશે નહિ. આ ઉપરાંત રાજ્યના લાખો કિસાનોને ફાયદો થાય તેવા અનેક પગલાં રાજ્યસરકારે ભર્યા છે.

ગતિશીલ કાર્યક્રમ થકી જાણે ગુજરાતના વહીવટી તંત્રમાં એક નવી ગતિનો સંચાર થયો છે.